શાળા પરિસરમાં બિનઅધિકૃત વ્યક્તિઓની અવરજવર પર પ્રતિબંધ લગાવવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: ED/Misc/e-file/3/2026/6353/CHH
સચિવાલય, ગાંધીનગર
તા. *e-Sign* મુજબ

<u>વંચાણે લીધા</u> :-

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીનો તા.૦૩/૧૦/૨૦૨૬ નો પત્ર ક્રમાંક : COS/MIS/e-file/276/2026/1055/SECONDARY

<u>પરિપત્ર</u> :-

રાજ્ય સરકાર "In Loco Parentis" (વાલી સમાન જવાબદારી)ના સિદ્ધાંત હેઠળ રાજકીય/સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા તમામ બાળકોની સુરક્ષા, ગરિમા, ગોપનીયતા અને કલ્યાણની વિશેષ જવાબદારી નિભાવે છે. ભારતના બંધારણની કલમ - ૨૧ દરેક બાળકને જીવન, ગરિમા અને ગોપનીયતાનો અધિકાર પ્રદાન કરે છે. તેમજ માન. સર્વોચ્ચ ન્યાયાલયે કે. એસ. પુટ્ટસ્વામી (નિવૃત્ત) વિરુદ્ધ ભારત સંઘના ચુકાદામાં ગોપનીયતાના અધિકારને બંધારણની કલમ - ૨૧ હેઠળના મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપી છે. તદુપરાંત રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ (NCPCR)ની શાળા સુરક્ષા નીતિ તથા માર્ગદર્શિકાઓમાં ભાર મૂકવામાં આવ્યો છે કે દરેક શાળાએ બાળકો માટે સુરક્ષિત, સંરક્ષિત અને બાળમૈત્રીપૂર્ણ વાતાવરણ પૂરું પાડવું તથા તેમને શોષણ અને ગોપનીયતાના ભંગથી રક્ષણ આપવું.

વંચાણે લીધા ક્રમાંક : (૧) પરના પત્ર મુજબ પ્રાથમિક તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશનું નિયમન કરવા તેમજ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની સુરક્ષા, સંરક્ષણ અને ગોપનીયતા સુનિશ્ચિત કરવાના હેતુથી નીચે મુજબની સૂચનાઓનું કડક પાલન કરવાનું રહેશે.

૧. કોઈપણ બાહ્ય વ્યક્તિએ શાળા પરિસરમાં પ્રવેશવા માટે આચાર્યશ્રી/સંસ્થાના વડાની પૂર્વ લેખિત મંજૂરી લેવાની રહેશે. માત્ર તે સરકારી અધિકારીઓને અપવાદ રહેશે, જેઓને તેમની સત્તાવાર ફરજો નિભાવવા માટે નિયમસર અધિકૃત કરવામાં આવ્યા હોય.

૨. દરેક મુલાકાતીએ શાળા પરિસરમાં પ્રવેશ કરતાં પહેલાં મુલાકાતી રજિસ્ટરમાં પોતાની વિગતો નોંધાવવાની રહેશે.

૩. કોઈપણ બાહ્ય વ્યક્તિએ વર્ગખંડ, પ્રયોગશાળા, પુસ્તકાલય, છાત્રાલય, રમતનું મેદાન, શૌચાલય અથવા વિદ્યાર્થીઓની કોઈપણ પ્રવૃત્તિ ચાલતી હોય તેવા વિસ્તારમાં આચાર્યશ્રી, શાળાના શિક્ષક અથવા અધિકૃત શાળા અધિકારીની સાથે આચાર્યશ્રી/સંસ્થાના વડાની પૂર્વ લેખિત મંજૂરીથી જ પ્રવેશ કરવાનો રહેશે.

૪. આચાર્યશ્રીની પૂર્વ લેખિત મંજૂરી વિના વિદ્યાર્થીઓ, શિક્ષકો અથવા શાળાની પ્રવૃત્તિઓનું ફોટોગ્રાફી, વીડિયોગ્રાફી. ઇન્ટરવ્યુ, ઓડિયો રેકોર્ડિંગ અથવા લાઇવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે નહીં. આવી પ્રવૃત્તિ માત્ર કાયદેસર હેતુસર જ મંજૂર કરી શકાશે.

૫. શાળા સત્તાધિકારીઓએ એ સુનિશ્ચિત કરવું કે વિદ્યાર્થીઓના ફોટા, વીડિયો અથવા વ્યક્તિગત માહિતીનો એવો સંગ્રહ, પ્રકાશન અથવા પ્રસાર ન થાય. જેના કારણે તેમની ગોપનીયતા, ગૌરવ અથવા સુરક્ષાને અસર થાય.

૬. જો કોઈ વ્યક્તિ પરવાનગી વિના શાળામાં પ્રવેશ કરે, શાળા પરિસર છોડવાનો ઇનકાર કરે, અનધિકૃત ફોટોગ્રાફી/વીડિયોગ્રાફી કરવાનો પ્રયાસ કરે અથવા શાળાની કામગીરીમાં અવરોધ ઊભો કરે, તો આચાર્યશ્રીએ તાત્કાલિક સ્થાનિક પોલીસ તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રી /તાલુકા પ્રાથમિક શિક્ષણધિકારીશ્રી ને જાણ કરવી અને લાગુ પડતા કાયદા હેઠળ જરૂરી કાર્યવાહી કરવી.

૭. આચાર્યશ્રી એવા કોઈપણ મુલાકાતીને શાળા પરિસરમાં પ્રવેશ આપવાનો ઇનકાર કરી શકે છે, જેના કારણે શાળાની સુરક્ષા, ગોપનીયતા, શિસ્ત અથવા શૈક્ષણિક વાતાવરણ પર અસર થવાની સંભાવના હોય.

૮. આચાર્યશ્રીની પૂર્વ લેખિત મંજૂરી વિના કોઈપણ મુલાકાતી વ્યક્તિગત બાળક/બાળકીની માહિતી એકત્રિત કરી શકશે નહીં કે તેની ઓળખ અથવા તસવીરનું પ્રકાશન કરી શકશે નહીં. જો તે પ્રવૃત્તિ બાળકના શ્રેષ્ઠ હિતમાં ન હોય અને તેનાથી તેની સુરક્ષા, ગૌરવ અથવા ગોપનીયતાને અસર થતી હોય.

૯. તમામ નિરીક્ષણ અધિકારીઓએ ઉપરોક્ત સૂચનાઓનું કડકાઈથી પાલન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. આચાર્યશ્રી/સંસ્થાના વડા જરૂરિયાત મુજબ કોઈ બાહ્ય વ્યક્તિને શાળા પરિસર છોડવાનો આદેશ આપી શકે છે. જરૂરી જણાય ત્યારે સ્થાનિક પોલીસની મદદ મેળવી શકે છે તથા કેસના તથ્યો અને પરિસ્થિતિ અનુસાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩, બાળકોને જાતીય ગુનાઓથી રક્ષણ અધિનિયમ, ૨૦૧૨ (POCSO), કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૫, માહિતી પ્રૌદ્યોગિકી અધિનિયમ, ૨૦૦૦ તથા અન્ય પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી શરૂ કરી શકાશે.

આ સુચનાઓ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા. ૨૦-૧૦-૨૦૨૬ ની નોંધ થી મળેલ મંજૂરી અન્વયે પરિપત્રિત કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

*e-Sign*

(રાજદીપસિંહ રાઠોડ)

સેક્શન અધિકારી

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત.)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- શાસનાધિકારીશ્રી, તમામ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)

- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઈલ


Open the document in Adobe Acrobat DC to verify the E-sign